# શ્રી એમ.પી.શાહ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ,

# સુરેન્દ્રનગર

---

## બી.એ. સેમેસ્ટર-૧ ના પ્રવેશ અંગેની નોટિસ

## (શૈક્ષણિક વર્ષ- 2023-24)

**ઓનલાઈન પ્રવેશફોર્મ ભરવાની તા. 01/06/2023 (સવારે 11:00 વાગ્યે) થી તા. 10/06/2023 (સાંજે 05.00) સુધી.**

## પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરવા માટે

## **www.mpsasc.edu.in**

For Online Admission: Visit www.mpsasc.edu.in ➡ Student Portal ➡ Online Admission ➡ B.A. Sem-1 Admission Form

# એડમીશન અંગેની સામાન્ય સૂચનાઓ

1. પ્રવેશ માટેના ઓનલાઈન ફોર્મમાં માહિતી સમજી વિચારીને કાળજીપૂર્વક ભરી સંપૂર્ણ ચકાસણી કરીને સબમિટ કરવી. જો ભરેલી માહિતી ખોટી નીકળશે કે ગેરમાર્ગે દોરે એવી ધ્યાને આવશે તો આપની ઉમેદવારી આપોઆપ રદ્દ થશે અને પ્રવેશ મળશે નહિ અને ત્યારબાદ આપ પ્રવેશ માટે હકદાર રહેશો નહિ

2. મેરીટમાં સમાવેશ થયા બાદ જે તારીખે હાજર રહેવાનું કહેવામાં આવે ત્યારે જ આ કોલેજ ખાતે જરૂરી આધારો (Online) ભરેલ ફોર્મ, ઓરિજિનલ અને ઝેરોક્ષ જરૂરી ડોક્યુમેન્ટ) સાથે ઉપસ્થિત થવાનું રહેશે.

3. ઓનલાઈન આવેલ તમામ અરજીનું લીસ્ટ અત્રેની કોલેજની વેબસાઈટ પર મુકવામાં આવશે. (આવેલ તમામ અરજીનું COMMON લીસ્ટ સમજવું, મેરીટ લીસ્ટ ન સમજવું.)

4.નક્કી કરવામાં આવેલ કાર્યક્રમ મુજબ કેટેગરીવાઈઝ મેરીટ લીસ્ટ કોલેજની વેબસાઈટ પર મુકવામાં આવશે જે ચેક કરતા રહેવાનું રહેશે. અને જેનો મેરીટમાં સમાવેશ થયેલ હોય તેઓએ જણાવેલ તારીખે ડોક્યુમેન્ટ વેરિફિકેશન અને સત્ર ફી ભરવા માટે રૂબરૂ આવવાનું રહેશે. જેઓ જણાવેલ તારીખે ડોકયુમેન્ટ વેરિફિકેશન અને સત્ર ફી ભરવા માટે ઉપસ્થિત રહેશે નહિ તો તેઓને પ્રવેશ મેળવવાનો નથી તેવું માની તેઓનું નામ રદ થશે. ત્યારબાદ તે પ્રવેશાર્થી પ્રવેશ માટે હકદાર રહેશે નહિ.

5.ડોકયુમેન્ટ વેરિફિકેશનના સમયે તમામ ઓરીજીનલ ડોકયુમેન્ટ સાથે લાવવાના રહેશે. કોઈ ડોકયુમેન્ટ ખૂટતા હશે તો પ્રવેશ રદ થવાને પાત્ર થશે. તેમજ પછીથી કોઈ ડોકયુમેન્ટ સ્વીકારવામાં આવશે નહિ.

6.ડોકયુમેન્ટ વેરિફિકેશન થયા બાદ તે જ દિવસે સત્ર ફી ભરવાની રહેશે. ફી ભર્યા બાદ જ એડમીશન થયેલ ગણાશે. જે વિદ્યાર્થી નિયત સમય મર્યાદામાં ફી ભરશે નહીં તેને એડમિશન મળશે નહીં.

7.મેરીટ લીસ્ટમાં નામ આવેલ હોય તેવા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવવાની સંપૂર્ણ જવાબદારી પોતાની રહેશે. જો નિયત સમયમર્યાદામાં ડોક્યુમેન્ટ વેરીફીકેશન અને સત્ર ફી ભરશે નહિ તો તેમનું નામ મેરીટલીસ્ટ માંથી આપોઆપ રદ ગણાશે અને ત્યારબાદ બીજું નવું મેરીટ લીસ્ટ તૈયાર થશે. જેમાં તેમનો પ્રવેશ માટેનો કોઈ હક્કદાવો રહેશે નહિ.

8.પ્રવેશ અંગેની તમામ કાર્યવાહી પૂર્ણ થાય ત્યાં સુધી પ્રવેશ અંગેની સુચના આ કોલેજની વેબસાઈટ પર મુકવામાં આવે તે ચેક કરતા રહેવાનું રહેશે. આ અંગે કોઈ વિદ્યાર્થીને EMAIL, મેસેજ કે ફોન કરવામાં આવશે નહિ.

9.એડમિશન બાબતે નિર્ણય લેવાંની સંપૂર્ણ સત્તા આચાર્યશ્રીની રહેશે. આચાર્યશ્રી કોલેજ ખાતે ઉપલબ્ધ સ્ટાફ, ભૌતિક/જરૂરી સુવિધાઓ તેમજ વખતો વખત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ઉચ્ચ શિક્ષણશ્રીની કચેરી તેમજ સરકારશ્રી દ્વારા મળતી સૂચનાઓને ધ્યાને લઈ ઉક્ત બાબતો માં ફેરફાર કરી શકે છે.

# ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભર્યા બાદ <u>ઓનલાઈન ફોર્મ</u>ની પ્રિન્ટ સાથે જોડવાના ડોક્યુમેન્ટની યાદી

<u>**ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ તેની પ્રિન્ટઆઉટ સાથે નીચે આપેલ ક્રમ અનુસાર ડોક્યુમેન્ટ જોડવા**</u>

1. એનરોલમેન્ટ ફોર્મ

2.ઓનલાઈન પ્રવેશ ફોર્મની પ્રિન્ટઆઉટ

3.ધોરણ-૧૨ની માર્કશીટની સ્વપ્રમાણિત નકલ, (તમામ પ્રયાસ)

4.પાસપોર્ટ સાઈઝ ફોટા-1 (ફોટા પાછળ Form No. અને વિદ્યાર્થીનું પૂરું નામ લખવું)

5.સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની સ્વપ્રમાણિત નકલ.

6.ધોરણ-૧૨ની ટ્રાયલ સર્ટીફીકેટની સ્વપ્રમાણિત નકલ.

7.સક્ષમ અધિકારીનું જાતિ અંગેનાં સર્ટીફીકેટના પ્રમાણપત્રની સ્વપ્રમાણિત નકલ. (લાગુ પડતા તમામ કેટેગરી માટે)

8.સક્ષમ અધિકારીનું નોન-ક્રિમીલીયેર સર્ટીફીકેટની સ્વપ્રમાણિત નકલ. .

(નોંધ :- અરજી કર્યા ની તારીખે જે પ્રમાણપત્રની ૩ વર્ષની અવધી પૂર્ણ થયેલ હશે તે પ્રમાણપત્ર અમાન્ય રહેશે)

9. EWS કેટેગરીના વિદ્યાર્થીઓએ પણ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

10.જો શારીરિક ખોડ-ખાંપણ હોય તો સક્ષમ અધિકારીનું તે અંગેનાં પ્રમાણપત્રની નકલ. (૪૦% કે તેથી વધુ)

11.ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સિવાયના બોર્ડ જેવા કે CBSE, NIOS, કેન્દ્રીય વિદ્યાલય, નવોદય વિદ્યાલયમાંથી પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ સૌ.યુનિવર્સીટીનું કામચલાઉ (Provisional) એલીજીબીલીટી પ્રમાણપત્ર પ્રવેશ ફોર્મ સાથે જોડાવાનું રહેશે, એડમીશન મેળવ્યા બાદ એક મહિનામાં ફાઈનલ એલીજીબીલીટી પ્રમાણપત્ર આપવાનું રહેશે. અન્યથા પ્રવેશ આપોઆપ રદ થશે.

12.જે વિદ્યાર્થીઓએ ચાલુ વર્ષ પહેલા ધોરણ-૧૨ પૂર્ણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓએ સોગંદનામું રજુ કરવાનું રહેશે અને એ સમયગાળા દરમિયાન શું પ્રવૃત્તિ કરેલ છે તે તેમાં જણાવનાનું રહેશે.

13.વિશેષ રમતગમત/સંસ્કૃતિક અંગેના રાજ્ય કે નેશનલ લેવલના પ્રમાણપત્રોની નકલ.(લાગુ પડતું હોય તો)

# પ્રવેશનાં નિયમો

1. યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ સીટોનાં પ્રમાણમાં મેરીટ લિસ્ટ તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવશે.
2. મેરીટ લિસ્ટ સરકારશ્રીનાં નિયમ અનુસાર જે તે કેટેગરીવાઇઝ તૈયાર કરવામાં આવશે.
3. અનામત જૂથોની પ્રવેશ અંગે ની ટકાવારીનું ધોરણ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ આ પ્રમાણે છે.

| અનામત જૂથ | અનામત પ્રવેશ અંગેની ટકાવારી | વિગત |
|---|---|---|
| SC | 7% | |
| ST | 15% | |
| SEBC | 27% | |
| Economically Weaker Section (EWS) | 10% | ગુજરાત સરકાર અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સુચના મુજબ |
| PH/DIVYANG | 5% (દરેક અનામત જુથમાં) | વિકલાંગ ધારા મુજબ |

4. અનામતના તમામ નિયમો મેરીટ યાદીના પ્રસિધ્ધ થવાના દિવસે અમલમાં હશે તે જ લાગુ પડશે.
5. મેરિટની ગણતરી માટે ધોરણ-12 ના કુલ માર્ક્સ (તમામ વિષયોના થિયરી અને પ્રેકટીકલ) ધ્યાને લેવામાં આવશે.
6. વર્ષ-2023 પહેલા પાસ થયેલા વિદ્યાર્થીના વર્ષ દીઠ 1% માર્ક્સ ઓછા કરીને મેરિટ ગણવામાં આવશે.
7. મેરીટમાં સમાવેશ થતા વર્ષ-2023 પહેલાનાં વિધાર્થીઓએ 20 રૂ. ના સ્ટેમ્પ પેપર પર એફીડેવીટ રજુ કરવાનું રહેશે.
8. ગુજરાત બોર્ડ સિવાયના પ્રવેશાર્થીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું પ્રોવિઝનલ એલિજિબિલીટી સર્ટીફિકેટ (P.E.C.) રજૂ કરવાનું રહેશે.

પ્રિન્સીપાલશ્રી
એમ.પી. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ,
સુરેન્દ્રનગર.